ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી સહ.

Date: 06th May, 2022

પ્રતિ,
તંત્રી શ્રી,
..............................................,
ભાવનગર.

**Let's Fly with Own Wings** વિષય અંતર્ગત
ધોરણ – ૬ થી ૧૨માં અભ્યાસ કરતા બાળકો માટે **નિ: શુલ્ક**
૨૧ થી ૨૫ મે દરમ્યાન લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર સંસ્કારમંડળ ખાતે પાંચ દિવસીય વર્કશોપ યોજાશે.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં સાયન્સ (વિજ્ઞાન), ટેકનોલોજી, એન્જીન્યરીંગ અને મેથ્સ (ગણિત) અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨ થી કાર્યરત છે.

વિચારને પ્રયત્નો સાથે આગળ વધારી કંઇ નવું કરવાની જિજ્ઞાશાવૃતિમાં વધારો કરવા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર શાળા તથા કોલેજ કક્ષાએ પ્રાયોગિક માધ્યમ દ્વારા અવનવા કાર્યક્રમ કરતુ રહ્યું છે. વેકેશનના સમયમાં આપણી આસપાસની વસ્તુઓનું નિરીક્ષણ કરવું, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ કેળવીને આપણા રોજિંદા પ્રશ્નોનું નિરાકરણ શોધવું, નકામી વસ્તુઓની મદદથી કૈક નવું સંશોધન કરવું, વ્યક્તિ પોતાની આવડત અને કળાને સ્વયં ઓળખી શકે તે માટે એમના પ્રેરણાસ્ત્રોત પુરા પાડવાનો પ્રયત્ન કરવો વગેરે હેતુ સહ લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વિવિધ વિષયો આધારિત વિવિધ વર્કશોપોનું શ્રેણીબદ્ધ આયોજન કરવામાં આવી રહ્યું છે.

વેકેશન વર્કશોપ શ્રેણી અંતર્ગત તા.૨૧-૦૫-૨૦૨૨ થી તા.૨૫-૦૫-૨૦૨૨ દરમ્યાન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર સંસ્કારમંડળ ખાતે સાંજે ૫ થી ૬:૩૦ કલાક દરમ્યાન 1. Let's Fly with Paper Wings, 2. One Touch of Technology, 3. Home Chemistry, 4. MatheMagic, 5. Reboot Your Mind વિષયો પર વિવિધ પ્રાયોગિક કૌશલ્ય જ્ઞાન વર્ધક મોડેલ મેકિંગ કરાવવામાં આવશે.

આ વર્કશોપમાં ધોરણ – ૬ થી ૧૨માં અભ્યાસ કરતા બાળકો નિ:શુલ્ક ભાગ લઇ શકશે. ભાગ લેવા માટે **www.krcscbhavnagar.org** પર તા.૧૯-૦૫-૨૦૨૨ સુધીમાં નોંધણી કરાવવી ફરજીયાત છે. વહેલા તે પહેલાના ધોરણે ૨૫ બાળકોની પસંદગી કરવામાં આવશે, જેઓ પાંચ દિવસના વર્કશોપમાં ભાગ લઇ ટેકનીકલ બાબતોને સમજશે.

06/05/22
4:50pm
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.